A.Z.L.U 17

Published by Amity B.Ed. College, Bharuch
Journal of YTIF
Journal of YTIF
ISSN 2395-6437

# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર બી.એડ. કૉલેજોમાં તાલીમાર્થીઓને નડતી સમસ્યાઓનો અભ્યાસ

ડૉ. ભાવેશ રાવલ
આચાર્યશ્રી,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, પાંડેસરા, સુરત
મો. ૯૪૨૮૦૨૦૧૬૮

**ટૂંકસાર**

બી.એડ. કૉલેજો વર્તમાનમાં સંક્રાંતિકાળમાંથી પસાર થઇ રહી છે. બી.એડ.નો અભ્યાસક્રમ સ્નાતક અને સ્નાતકોત્તરથી બહુધા ભિન્ન હોય છે. અધ્યયન અને અધ્યાપનની પરિસ્થિતિ અલગ હોવાથી તાલીમાર્થીઓ માટે પડકારરૂપ બને છે. નવી વ્યવસ્થામાં તાલીમ મેળવતા તાલીમાર્થીઓની તાલીમને સ્પર્શતા વિવિધ સોળ ઘટકોને આવરી લઈ પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો. વર્ણનાત્મક પ્રકારના આ સંશોધનમાં સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સુરત સ્થિત પાંચ સ્વનિર્ભર બી.એડ. કૉલેજોના કુલ ૧૦૦ તાલીમાર્થીઓને સહેતુક નમૂના પસંદગીની રીતે પસંદ કરવામાં આવ્યા હતાં. માહિતી પ્રાપ્તિના ઉપકરણ તરીકે રાવલ(૨૦૦૩) રચિત 'અભિપ્રાયાવલી' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૬ પેટાવિભાગોમાં ૧૬૯ સમસ્યા વિધાનો હતાં. પ્રાપ્ત માહિતીના વિશ્લેષણમાં કાઈવર્ગ અને સરાસરી ભારાંક શોધી ક્રમાંકન કરવામાં આવ્યું હતું. અભ્યાસના તારણો જોઇએતો- તાલીમાર્થીઓ અન્ય અભ્યાસક્રમમાં ન જોડાઈ શકવાની સ્થિતિ, તાલીમનો લાંબો ગાળો, અધ્યાપકોની અપરિપક્વતા,વધુ ખર્ચ, નિરસ અભ્યાસક્રમ, બધા જ કૌશલ્ય આવરી ન લેવા, પાઠની સંખ્યા ઓછી, અન્ય પ્રવૃત્તિઓનું ભારણ, છાત્રાલયની વ્યવસ્થાઓની મર્યાદા જેવી પ્રમુખ સમસ્યાઓ અનુભવતા હતા.

**ચાવીરૂપ શબ્દો:** તાલીમ, તાલીમાર્થીઓ, સમસ્યાઓ.



Scanned by CamScanner

## પ્રસ્તાવના

સદીઓથી સમાજમાં ક્રાંતિકારી પરિવર્તનમાં શિક્ષકની ભૂમિકા કેન્દ્રસ્થાને રહી છે. જેવો શિક્ષક તેવો સમાજ એ નિર્વિવાદ બાબત છે. આથી જ શિક્ષણના વધતા વ્યાપને પહોચી વળવા વધુને વધુ શિક્ષકોની જરૂરિયાત ઉદભવી જેની અસરરૂપે વરસોથી ચાલી આવેલી માન્યતા **'શિક્ષકો તો જન્મે છે, તેને તૈયાર ન કરી શકાય'** એનું સ્થાન **'શિક્ષકો તૈયાર  કરી શકાય છે'** એ હકીકતે લીધું.

શિક્ષક માટેની તાલીમનો મુખ્ય આશય શિક્ષક તરીકેની વ્યાવસાયિક સજ્જતા વિકસાવવનો છે. શિક્ષણક્ષેત્રે પ્રવર્તમાન સમયમાં ગુણવત્તાલક્ષી, મૂલ્યલક્ષી અને જીવનલક્ષી શિક્ષણ આપવા પર ભાર મૂકવામાં આવી રહયો છે, ત્યારે પૂર્વસેવા તાલીમનું મહત્વ અનેકગણું વધી જાય છે. બી.એડ.ની તાલીમના ઉદેશ્યો ગમે તેટલાં ઉમદા હોવા છતાં સાચી સિદ્ધિ ત્યારે જ મળી કહેવાય જયારે તે પરિપૂર્ણ થાય. સમયાંતરે રચાતા પગારપંચની ફલશ્રુતિરૂપે શિક્ષકોને મળતો આકર્ષક પગાર, નોકરીની સલામતી, કાર્યભાર, સામાજિક મોભો, અને અન્ય લાભોની બાબતે બીજા વ્યવસાયોની તુલનાએ શિક્ષકના વ્યવસાય પ્રત્યે લોકોને ખાસ આકર્ષણ હંમેશા રહયું છે. તેથી જ બી.એડ.માં પ્રવેશ મેળવવાનું હજીપણ વલણ જળવાઈ રહયું છે. બી.એડ.ની તાલીમમાં આવનારને પ્રવેશ, આર્થિક, ભૌતિક સુવિધાઓ, ગ્રંથાલય, અભ્યાસક્રમ, અધ્યાપનકાર્ય, શૈક્ષણિક પાઠો, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, સબમીશન, ઇનટર્નશીપનો સમયગાળો, મૂલ્યાંકનકાર્ય બી.એડ.ની તાલીમ વિશે સમયના પરિપ્રેક્ષ્ માં વિચારીએ તો ટૂંકાગાળામાં તાલીમાર્થીઓ સૈદ્ધાંતિક વિષયોના અધ્યયન અને પ્રાયોગિક કાર્ય એવા બેવડા ભાર હેઠળ આવી જાય છે. આવા સંજોગોમાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષા સુધી મેળવેલા શિક્ષણ અને તેથી ઘણી બાબતોમાં ભિન્ન એવા બી.એડ. કૉલેજોના વાતાવરણમાં તાલીમ દરમિયાન સમસ્યાઓ અનુભવે તે સાહજિક બાબત ગણાય. અધ્યેતાએ સ્વનિર્ભર સંસ્થાઓના તાલીમાર્થીઓને અનુભવાતી સમસ્યાઓને વાચા આપવા પ્રસ્તુત વિષય પર અભ્યાસ હાથ ધરવાનું મુનાશિબ સમજ્યું.

**દેસાઈ, શાહ, અને શાહ (૧૯૮૪ )ના મતે-**

"સમસ્યાઓ એટલે–(અ) શિક્ષણની પદ્ધતિ કે જેમાં પડકાર આપે તેવી પરિસ્થિતિના ઉકેલ માટે વિદ્યાર્થી પ્રેરાય. (બ) મુખ્ય સમસ્યાને તેના ઘટક સમસ્યામાં તપાસીને ઉકેલોનું જાતે સંકલન કરવાનો અભિગમ."



Scanned by CamScanner

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ.ની તાલીમ મેળવતા તાલીમાર્થીઓને પ્રવેશ, આર્થિક, ભૌતિક સુવિધાઓ, ગ્રંથાલય, અભ્યાસક્રમ, અધ્યાપનકાર્ય, શૈક્ષણિક પાઠો, સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, સબમીશન, ઇનટર્નશીપનો સમયગાળો, મૂલ્યાંકનકાર્ય, અધ્યાપકોના વર્તન, ઇનટર્નશીપ અને છાત્રાલય સુવિધા જેવા પાસાંને આવરી લઇ તેને લગતી સમસ્યાઓ જાણવા પ્રયત્ન થયો હતો.

## સંશોધનના હેતુઓ

- બી.એડ. કોલેજોમાં તાલીમાર્થીઓને નડતી સમસ્યાઓ વિશે અભિપ્રાયો મેળવવા.
- બી.એડ. કોલેજોમાં તાલીમાર્થીઓની સમસ્યાઓ દૂર કરવા સંબંધી સૂચનો મેળવવા.

## સંશોધનના પ્રશ્નો

- બી.એડ. કોલેજોમાં તાલીમાર્થીઓને કઈ કઈ સમસ્યાઓ નડે છે?
- બી.એડ. કોલેજોમાં તાલીમાંર્થીઓને નડતી સમસ્યાઓ દૂર કરવાના શક્ય ઉકેલો કયા હોઈ શકે?

## મહત્વ

- તાલીમાર્થીઓને નડતી સમસ્યાઓ જાણી શકાશે.
- ભાવિ શિક્ષકોની તાલીમની ગુણવત્તા સુધારવા પગલાં લઈ શકાશે.
- તાલીમની અસરકારકતા વધશે.
- વધુ અર્થપૂર્ણ કાર્યોથી તાલીમાર્થીઓના અનુભવો બહેતર બનાવી શકાશે.

## સંશોધનનું સીમાંકન

- પ્રસ્તુત અભ્યાસ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન સુરત સ્થિત પાંચ સ્વનિર્ભર બી.એડ. કોલેજો પૂરતો સીમિત હતો.
- નમૂના તરીકે કુલ ૧૦૦ તાલીમાર્થીઓ લીધા હતાં.
- સંશોધન ઉપકરણ તરીકે રાવલ(૨૦૦૩) દ્વારા રચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી



Scanned by CamScanner

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન સ્વનિર્ભર બી.એડ. કૉલેજો પ્રસ્તુત અભ્યાસનું વ્યાપ વિશ્વ હતું. તે પૈકી અભ્યાસ અંતર્ગત સુરત સ્થિત પાંચ કૉલેજોમાં બી.એડ.ની તાલીમ મેળવતાં તાલીમાંર્થીઓ પૈકી દરેક કૉલેજમાંથી ૨૦ તાલીમાર્થીઓ સહેતુક નમૂના પસંદગીની રીતે પસંદ કરી સર્વેક્ષણ હાથ ધર્યું હતું.

## સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિએ હાથ ધરાયું હતું, જેમાં સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.

## ઉપકરણની પસંદગી અને સંરચના

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ. કૉલેજોના તાલીમાર્થીઓને નડતી સમસ્યાઓ જાણવાના હેતુસહ રાવલ(૨૦૦૩) દ્વારા રચિત 'અભિપ્રાયાવલિ' નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ સોળ પેટાવિભાગો હતાં. અભિપ્રાયાવલીમાં સમાવિષ્ટ વિધાનોની કુલ સંખ્યા એકસો ઓગણસીતેર (૧૬૯) હતી.

## માહિતી એકત્રીકરણની રીત

ઉપકરણની પસંદગી બાદ શૈક્ષણિકવર્ષ-૨૦૧૫ના ફેબ્રુઆરી માસના મધ્ય સુધીમાં માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું. નમૂના હેઠળની તમામ કૉલેજોમાં રૂબરૂ જઈ તાલીમાર્થીઓ સાથે સાયુજ્ય સ્થાપી માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

## માહિતી વિશ્લેષણની રીત

પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલી દ્વારા મેળવેલી માહિતીનું વિશ્લેષણ કરવા માટે કાઈવર્ગ પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમજ પ્રત્યેક વિધાન પર પ્રાપ્ત અભિપ્રાયોને આધારે સરેરાશ ભારાંક શોધી ક્રમાંક આપવામાં આવ્યા હતાં. ગણતરી કરવા કમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## સંશોધનના તારણો



Scanned by CamScanner

બી.એડ.ની તાલીમ અંતર્ગત તાલીમાર્થીઓને નડતી સમસ્યાઓ સંદર્ભે પ્રાપ્ત થયેલા અભિપ્રાયોના અંકશાસ્ત્રીય પૃથક્કરણ અને તેના અર્થઘટન પર આધારિત મુખ્ય તારણો નીચે પ્રમાણે છે:

- પ્રવેશ કામગીરી કૉલેજો શરૂ થયા પછી પણ ચાલતી હતી.
- તાલીમાર્થી અન્ય અભ્યાસમાં જોડાવાની શક્યતાને લીધે અભ્યાસ મોડો શરૂ કરતાં હતા.
- કૉલેજો સંદર્ભ પુસ્તકોની ખરીદીના પ્રમાણમાં સ્થાનિક પ્રકાશનના અભ્યાસક્રમ સંબંધી પુસ્તકો ખરીદતા હતા.
- શૈક્ષણિક ઉપકરણોનો ખર્ચ વધુ થતો હતો.
- સંસ્થાઓ દ્વારા વારંવાર નાણા ઉઘરાવામાં આવતાં હતાં.
- કૉલેજોમાં કમ્પ્યુટરની તેમજ જરૂરી સામગ્રીનો અભાવ જોવા મળ્યો હતો.
- ગ્રંથપાલની નિમણુંકના અભાવે તાલીમાર્થીઓને પુસ્તકો તરત મળતા ન હતાં.
- ગ્રંથાલયનો અગવડભર્યો સમય અને પુસ્તકો આપવાની નીતિને લીધે તાલીમાંર્થીઓ પૂરતો લાભ લઇ શકતા ન હતાં.
- અભ્યાસક્રમમાં સાક્ષરી વિષયોનું ભારણ વિશેષ હતું.
- સાક્ષરી વિષયોનું અધ્યયન અરૂચિકર હતું.
- અન્ય યુનિવર્સિટીઓના અભ્યાસક્રમ વચ્ચે એકસુત્રતા નથી.
- શિક્ષણકાર્ય મહદઅંશે કથનપદ્ધતિથી થતું હતું.
- દાર્શનિક પાઠોની સંખ્યા સીમિત છે.
- સુક્ષ્મપાઠોની સંખ્યા મર્યાદિત હોવાથી બધાજ કૌશલ્ય વિકસાવવાની તક મળતી નથી.
- પાઠઆયોજન કાર્યનું ભારણ લાગે છે.
- પાઠ આપવામાં વિદ્યાર્થીઓર્થીનો અપૂરતો સહયોગ મુખ્ય સમસ્યા હતી.
- અધ્યાપકો દ્વારા પાઠનું અલ્પસમય માટે જ મૂલ્યાંકન થતું હતું.
- શૈક્ષણિક પાઠોની સંખ્યા ઓછી છે.
- વધુ પડતી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ માટે શિક્ષણકાર્યનો ભોગ લેવાતો હતો.
- લેખિત મૂલ્યાંકન પર વધુ ઝોંક અપાયો છે.
- કેટલાંક અધ્યાપકોના વર્તનમાં અપરિપક્વતા જણાય.
- હોસ્ટેલમાં રસોડાંની સુવિધા યોગ્ય નહોતી.
- મનોરંજનના સાધન ન હોવાથી કંટાળો આવતો હતો.
- અનુકૂલનના પ્રશ્નો વધુ હતા.



Scanned by CamScanner

• સ્વવિકાસની અલ્પ તકો જેવી મુખ્ય સમસ્યાઓ હતી.

## સંદર્ભસુચિ


દેસાઈ, કે. જી. અને શાહ, જે. એચ . (૨૦૦૦). *'સંશોધન અને પદ્ધતિઓ'* અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

દેસાઈ, કે., શાહ, જે. એચ. અને શાહ, આર. પી., (૧૯૮૪).*'શૈક્ષણિક પરિભાષા અને વિભાવના'*, અમદાવાદ:યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

શાહ, ડી. બી. (૨૦૦૯). *'શૈક્ષણિક સંશોધન (દિશાદર્શન )'* અમદાવાદ: પ્રમુખ પ્રકાશન.

*'શિક્ષણની રાષ્ટ્રીય નીતિ-૧૯૮૬'* અમદાવાદ: રાજ્ય શિક્ષણ ભવન.

રાવલ, બી.આઈ.(૨૦૦૩). 'દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન બી.એડ. કોલેજોમાં બી.એડ.ની તાલીમ મેળવતાં તાલીમાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ'. અપ્રકાશિત લઘુશોધ નિબંધ. સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી.





Scanned by CamScanner